અંજની ઈન્ડસ્ટ્રીઝમા થયેલ હત્યાના અનડીટેક્ટ ગુનાનો ભેદ ઉકેલી આરોપીઓને પકડી પાડતી અમરોલી પોલીસ.

અમરોલી પોલીસ સ્ટેશન, સુરત શહેર વિસ્તારમાં તા.૧૬/૦૩/૨૦૨૧ ના રોજ કલાક ૦૭/૩૦ પહેલા હરકોઈ વખતે અંજની ઈન્ડસ્ટ્રીઝ વિભાગ-૨, પ્લોટ નં.૨૯૦ થી ૨૯૧ ની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં જાહેરમાં ફરીયાદીશ્રીના ભાઈ મોહમદ વાજુ આલમ મુખ્તાર શેખ ઉ.વ.આ.૩૦ નાઓને કોઈ અજાણ્યા ઈસમોએ કોઈ અગમ્ય કારણસર તિક્ષ્ણ હથિયાર વડે છાતીના જમણી બાજુ તથા ડાબા પગના જાંઘના પાછળના ભાગે જીવલેણ ઘા મારી મોત નિપજાવી નાશી જતા આ બાબતે અમરોલી પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ "એ" ગુ.ર.નં. ૧૧૨૧૦૦૦૪૨૧૦૭૬૭ ઈ.પી.કો. કલમ ૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો તા.૧૬/૦૩/૨૦૨૧ ના રોજ ગુનો દાખલ થયેલ હતો.

જે હત્યાના ગુનાની ગંભીરતાથી નોંધ લઈ અમરોલી પોલીસ સ્ટેશનના પો.ઇન્સ. શ્રી નાઓએ સર્વેલન્સ પો.સ.ઈ. વી.એ.ડોડીયા તથા સ્ટાફના માણસોને જરૂરી માર્ગદર્શન આપી અલગ-અલગ ટીમો બનાવેલ અને અંજની ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારના સંખ્યાબંધ કેમેરા જોવામા આવેલ તથા અનેક શકમંદ માણસોની પુછપરછ કરવામા આવેલ, ત્યારબાદ ટેકનીકલ સર્વેલન્સ તેમજ હ્યુમન ઈન્ટેલીજન્સથી મળેલ માહીતીના આધારે પો.સ.ઇ.શ્રી વી.એ.ડોડીયા તથા અ.હે.કો.જીતેન્દ્રસિંહ પ્રવિણસિંહ, અ.હે.કો. જયદિપસિંહ નવલસિંહ અને એલ.આર જલાભાઈ સેન્ધાભાઈ નાઓની એક ટીમ ગંજમ ઓરીસ્સા રાજ્ય ખાતે રવાના કરેલ જ્યાંથી મુખ્ય આરોપીને પકડી પાડી અમરોલી પોલીસને હત્યાનો ગુનો ઉકેલવામા સફળતા મળેલ.

આરોપીઓના નામ:-(૧)એમ.અશોક એમ.હરી પાત્રા ઉ.વ.૨૩ રહે.અંજની ઈન્ડસ્ટ્રીઝ વિભાગ-૨, ભગવાન મેસની અંદર, અમરોલી, સુરત શહેર મુળ રહે.ગામ-અઢેઈબરગાં, પોસ્ટ. કબિસુજ્ય નગર, જી-ગંજમ (ઓરિસ્સા).(૨) મનોજ ચંદ્ર પાત્રા ઉ.વ. ૨૪ રહેવાસી, રાજેશભાઈના મકાનમાં, ગંગામાતા તથા હનુમાનજીનાં મંદિરની પાસે, ભરથાણા ગામ, અમરોલી, સુરત શહેર મુળ રહેવાસી ગામ-મંગલાપુરા પો.સ્ટ.આસ્કા જી.ગંજમા (ઓરિસ્સા).(૩) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર (૪) વોન્ટેડ:-રોહીત ભોજરામ પાત્રા.

નોંધાયેલ ગુનાની વિગત:-અમરોલી પોલીસ સ્ટેશન પાર્ટ "એ" ગુ.ર.નં.૧૧૨૧૦૦૦૪૨૧૦૭૬૭ ઈ.પી.કો.કલમ ૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ.